# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) પ્રયાગરાજનાં મહાકુંભમાં થયેલી ધક્કામુક્કીમાં એક ગુજરાતી સહિત 30 શ્રદ્ધાળુઓના મૃત્યુ અને 60ને ઈજા.

2) રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી તુવેર પાકની પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયાના ટેકાના ભાવે ખરીદી કરાશે.

3) નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંક મળ્યો.

4) GPSC દ્વારા એક હજાર 751 વિવિધ જગ્યાઓ પર ભરતી માટેનું સમયપત્રક જાહેર કરાયું.

5) સોમનાથ સંસ્કૃત વિશ્વ-વિદ્યાલયના કુલપતિએ કહ્યું, “વિકસિત ભારત માટે વિશ્વ વિદ્યાલયને પાયાનો પથ્થર સાબિત કરવા વિદ્યાર્થીઓનું નિર્માણ થઈ રહ્યું છે.”

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAHAKUMBH

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં ગઈકાલે રાત્રે થયેલી ધક્કામુક્કીમાં એક ગુજરાતી સહિત 30 જેટલા શ્રદ્ધાળુનાં મૃત્યુ અને 60ને ઇજા થઈ છે. મૃતકોમાંથી 25 લોકોની ઓળખ થઈ ચૂકી છે.

મહાકુંભનાં મેળા અધિકારી ડીઆઇજી વૈભવ ક્રિશ્નાએ આજે સાંજે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, ગઈકાલે રાત્રે 1થી 2 વાગ્યા દરમિયાન ભારે ભીડે બેરીકોડ તોડીને ધસી આવતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

. . . . . . . . . . . . . .

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીઓ, સત્ર દરમિયાન રજૂ થનારા ખરડાઓ, મહાકુંભ માટે શરૂ થયેલી વૉલ્વો બસ તેમજ મુખ્યમંત્રીના પ્રવાસ અંગે ચર્ચા કરવામાં આવી. ઉપરાંત બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના વિભાજન બાદ મળેલી રજૂઆતો અંગે સમીક્ષા કરવામાં આવી. આ તરફ રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમારની આ છેલ્લી મંત્રીમંડળની બેઠક હતી.

. . . . . . . . . . . . .

# REV CM DELHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની ચૂંટણી પસંદગી સમિતિની બેઠક શરૂ થઈ છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ભાજપના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સી. આર. પાટિલની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ રહી છે. બેઠકમાં નગરપાલિકાની ચૂંટણી માટેના ઉમેદવારોના નામોની યાદી અને પેનલ પર ચર્ચા કરાશે. ત્યારબાદ આ યાદી સાથે મુખ્યમંત્રી આવતીકાલે દિલ્હી જશે, જ્યાં તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ચર્ચા કરશે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે દિલ્હીમાં ભારતીય ન્યાય સંહિતા કાયદા અંગેની બેઠકમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# TUVER KHARIDI

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી તુવેર પાકની પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયાના ટેકાના ભાવે ખરીદી કરાશે. ઈચ્છુક ખેડૂતો આગામી ત્રણથી 20 ફેબ્રુઆરી સુધી ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ઑનલાઈન તેમ જ ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE એટલે કે, ગ્રામ કમ્પ્યુટર સાહસિક મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે.

તુવેરની ખરીદી માટે રાજ્યભરમાં 206 ખરીદ કેન્દ્ર સૂચિત કરાયા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે હેતુથી કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. કૃષિમંત્રીએ ખાતરી આપી છે કે, ખેડૂતો પાસેથી તુવેર પાકની પૂરતા પ્રમાણમાં ખરીદી કરાશે. તેમણે તુવેર પકવતાં ખેડૂતોને ખરીદીનો મહત્તમ લાભ લેવા પણ અનુરોધ કર્યો છે.

. . . . . . . . . . . . .

# GUJARAT TABLEAU

નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંકે મળ્યો છે. સત્તાવાર યાદી મુજબ, વર્ષ **2024**માં 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' ટેબ્લૉ, વર્ષ **2023**માં 'ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજ' ટેબ્લો અને આ વર્ષે 'આનર્તપુરથી એકતાનગર સુધી- વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' ટૅબલોને સતત ત્રીજા વર્ષે 'પૉપ્યુલર ચૉઈસ' શ્રેણીમાં સમગ્ર દેશમાંથી સૌથી વધુ મત મળ્યા છે.

માય GOV પ્લૅટફૉર્મ દ્વારા વિવિધ ટેબ્લૉની શ્રેષ્ઠતાની પસંદગી માટે દેશવાસીઓ તરફથી ઑનલાઈન વૉટિંગ- પૉપ્યુલર ચૉઈસ પુરસ્કાર શ્રેણીમાં સૌથી વધુ મત ગુજરાતને મળ્યા છે. કર્તવ્ય પથ પર વિવિધ રાજ્ય અને સરકારના વિભાગના 31 ટેબલૉ રજૂ થયા હતા. તે બધાને પાછળ મુકી ગુજરાતે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ઉપરાંત ટેબ્લૉના કલાકારોની સાંસ્કૃતિક નૃત્ય સ્પર્ધામાં પણ ગુજરાતનો મણિયારો રાસ ત્રીજા ક્રમાંકે રહ્યો છે.

. . . . . . . . . . . . .

# GPSC EXAMS

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC દ્વારા 79 સંવર્ગની જગ્યાઓ ભરવા માટે સમયપત્રક જાહેર કરાયું છે. તે મુજબ, 160 DySO એટલે કે, ડેપ્યુટી સેક્શન ઑફિસર અને નાયબ મામલતદાર, શિક્ષણ સેવા વર્ગ બેની 300 જગ્યા, રાજ્ય વેરા નિરીક્ષકની 323 જગ્યા તેમજ વહીવટી સેવા વર્ગ એક અને બેની 100 જગ્યાઓ મળી કુલ એક હજાર 751 વિવિધ જગ્યાઓ પર ભરતી કરાશે તેમ GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું.

**(બાઈટઃ હસમુખ પટેલ, અધ્યક્ષ, GPSC)**

. . . . . . . . . . . . .

# SOMNATH SANKRIT UNIVERSITY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, “આજે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વિકાસ અંગ્રેજીના જ્ઞાનના આધારે થયો છે, પરંતુ જે સંસ્કૃત ભાષા જાણે છે તે અંગ્રેજીથી દૂર છે અને અંગ્રેજી જાણનારા સંસ્કૃતથી દૂર છે. આ બંને વચ્ચે તાલમેલ થાય તો તેનું સમાયોજન વિશ્વ કલ્યાણ માટે ખૂબ જ ઉપયોગી બની શકે છે.” ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં આવેલી શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વ-વિદ્યાલયના 17મા પદવીદાન સમારોહમાં શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટઃ આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ સુકાંતકુમાર સેનાપતિએ જણાવ્યું, “આ વિશ્વવિદ્યાલય વિકસિત ભારત માટે પાયાનો પથ્થર સાબિત થાય તે રીતે વિદ્યાર્થીઓનું નિર્માણ કરાઈ રહ્યું છે.”

આ પ્રસંગે 23 સુવર્ણ અને ચાર રજત ચંદ્રક સહિત 766 વિદ્યાર્થીને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# ANAND AMERICA CRICKET TEAM

ઓમાનમાં આવતા મહિને યોજાનારી ICC ક્રિકેટ વર્લ્ડકપ લીગ ટૂર્નામેન્ટની તૈયારી  માટે અમેરિકાની ક્રિકેટ ટીમ હાલ આણંદ પહોંચી છે. જિલ્લાના જિટોડિયા ગામમાં આવેલી ક્રિકેટ અકાદમીમાં આ ટીમ પૂર્વાભ્યાસ કરી રહી છે. અમેરિકાની ટીમના સુકાની મોનાર્ક પટેલ મૂળ આણંદના જ છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ પરેશ મકવાણા, પ્રતિનિધિ, આણંદ)

. . . . . . . . . . . . .

# MISSION VATSALYA - DIU

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના સાઉદવાડી ખાતે આજે મિશન વાત્સલ્ય અંતર્ગત ચૂંટાયેલા પ્રતિનિધિઓની બેઠક યોજાઈ ગઈ. આ કાર્યક્રમ દરમિયાન બાળ સુરક્ષા એકમ દીવનાં અધિકારી મૈત્રી ભટ્ટે પ્રતિનિધિઓને પોક્સો કાયદા તથા બાળ અધિકાર, બાળ મજૂરી અને બાળકોને લગતા કાયદાઓનું માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત બાળકોને પજવણી થાય તો 1098માં ફોન કરીને ફરિયાદ કરવા જણાવ્યું.

. . . . . . . . . . . . .

# NARMADA KHEL MAHAKUMBH

નર્મદા જિલ્લાનાં નાંદોદનાં ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખે નર્મદાના રાજપીપળામાં ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત જિલ્લાકક્ષાની કબડ્ડી અને વૉલીબૉલ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો. દરમિયાન તેમણે રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે પ્રગતિની તક માટે ખેલ મહાકુંભને ઉત્તમ મંચ ગણાવ્યું હતું.

(બાઈટઃ ડૉ. દર્શના દેશમુખ, ધારાસભ્ય, નાંદોદ)

જિલ્લાકક્ષાની કબડ્ડી અને વૉલીબોલ સ્પર્ધાઓમાં અંડર 14થી 17 અને ઓપન વયજૂથ મળીને એક હજાર 400થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# STATE WEATHER

હવામાન વિભાગે આગામી બે અને ત્રણ ફેબ્રુઆરીએ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. દરમિયાન ગત 24 કલાકમાં ચાર ડિગ્રીના ઘટાડા સાથે સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હોવાનું હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .

# ANAND

આણંદમાં જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીની અધ્યક્ષતામાં ઉદ્યોગગૃહના પ્રતિનિધિઓ અને સબંધિત વિભાગના અધિકારીઓની બેઠક યોજાઈ ગઈ. ઔદ્યોગિક એકમોને જોડી તેમના CSR ભંડોળના સહકારથી વિકાસકાર્યોને વધુ વેગ મળે તે માટે યોજાયેલી બેઠકમાં કલેકટરે વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓને જિલ્લા તંત્ર સાથે મળી CSR ભંડોળનો યોગ્ય **ઉપયોગ** કરવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# LEPROSY AWARENESS CAMPAIGN

**રાજ્યભરમાં રક્તપિત્ત અંગે લોકોના જાગૃત કરવા આવતીકાલથી વિશેષ અભિયાનનો પ્રારંભ થશે. 13 ફેબ્રુઆરી સુધી ચાલનારા 'સ્પર્શ રક્તપિત્ત જાગતિ અભિયાન' દરમિયાન નાગરિકોમાં રક્તપિત્ત અંગે જાગૃતિ લાવવા માટે કામગીરી કરાશે. ડિસેમ્બર 2024 સુધીમાં 12 હાઈ એન્ડેમિક જિલ્લાઓ પૈકી દાહોદ, મહીસાગર, નવસારી, પંચમહાલ, સુરત અને વડોદરામાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકાથી ઓછું લાવવામાં સફળતા મળી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

ઉલ્લેખનીય છે કે, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રકતપિત્તના વણશોધાયેલા દર્દીઓ શોધવા અને સતત સરવે, સ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાન, આંતરિયાળ વિસ્તારમાં તપાસ અભિયાન, દર મહિને ત્રીજા શુક્રવારે સરવે જેવી વિશેષ ઝૂંબેશ હાથ ધરીને સઘન કામગીરી કરાય છે.

. . . . . . . . . . . . .

# ANAND BLOOD PRESSURE AWERNESS

આણંદ જિલ્લામાં આવતીકાલથી શરૂ થનારા રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન અંતર્ગત દરેક ગામમાં ખાસ ગ્રામસભા યોજી લોકોને રક્તપિત્તની માહિતી અપાશે. ઉપરાંત આ સભામાં રક્તપિત્ત નાબૂદી અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે. તેમજ રક્તપિત્ત દર્દીનું સન્માન કરાશે.

. . . . . . . . . . . . . .

# DANG NATURAL FARMING

ડાંગના ડોન ગામમાં પ્રાકૃતિક કૃષિ અંગે યોજાયેલી તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અંગે માર્ગદર્શન અપાયું. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના નિષ્ણાંતોને દ્વારા જીવામૃત, ઘન જીવામૃત અને જીવાત નિયંત્રણ માટે નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનો ઉપયોગ અને આધુનિક ખેતીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .